
सा विद्या या विमुक्तये

# શારદ

ડિસેમ્બર ૨૦૧૬ – વર્ષ ૩૫, અંક ૨




સચિ ગુર્જર (ધો. ૧૧)



બાલમંદિરના બાળકો (ગાંધી આશ્રમ)

# બાલમંદિર



બાલમંદિર સ્થાપનાદિનની ઉજવણી



ગાંધીઆશ્રમ





બાલમંદિરના બાળકોની ગાંધીઆશ્રમની મુલાકાત



ગાંધીઆશ્રમ



બાલમંદિરમાં કૃષ્ણ મહોત્સવ

# શારદ

सा विद्या या विमुक्तये

શારદામંદિર, અમદાવાદ

ડિસેમ્બર,૨૦૧૬

વર્ષ ૩૫, અંક ૨


## વાલીઓને....

વર્તમાન સમયમાં ખૂબ ઝડપથી બદલાતી શૈક્ષણિક વ્યવસ્થા સાથે બદલાવ કરવો - તાલમેલ મેળવવો ખૂબ જરૂરી બન્યો છે. અભ્યાસક્રમ સાથેની ઈતર પ્રવૃત્તિ ઉપર જાણે લગામ લગાવવામાં આવી છે. ઘડતર નહીં પણ માર્ક્સ આધારિત શિક્ષણ સક્રિય થતી જાય છે. શાળા-વાલી-વિદ્યાર્થી-શિક્ષક જાગતા રહે તે જરૂરી છે. બદલાતા શિક્ષણ પ્રવાહમાં 'માઈન્ડ-સેટ' બદલવો જરૂરી છે. અભ્યાસક્રમમાં સતત બદલાવ થઈ રહ્યો છે. વારંવાર વાલી મિટીંગ દ્વારા પરીક્ષા પદ્ધતિમાં થતા ફેરફારોની જાણ કરવામાં આવે છે. સાયન્સ પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ''નીટ''ની પરીક્ષા ગુજરાતી માતૃભાષામાં લેવાય તે અંગે સરકારશ્રીને સફળતા મળે તે જરૂરી છે. વર્ષ ૨૦૧૬-૧૭માં ટેક્નીકલ શાખામાં વિદ્યાર્થીઓ જઈ શકે તે માટે સરકારે ગુજકેટની જાહેરાત કરી છે.

વાલીમિત્રોએ પોતાના બાળકનું બેંક એકાઉન્ટ, આધાર કાર્ડ, ડાયસકોડ, બ્લડગ્રુપ રાખવું જરૂરી બન્યું છે. સરકારશ્રીની વખતોવખત થતી જાહેરાત મુજબ સ્કોલરશીપ જે તે વિદ્યાર્થીના માઈનોર ખાતામાં સીધી સરકારશ્રી દ્વારા જમા કરાવવામાં આવશે.

વર્તમાન પરિસ્થિતિને કારણે શાળાકીય પ્રવાસોના આયોજનમાં ક્યાંક અસમંજસની પરિસ્થિતિનું નિર્માણ થવાની શક્યતા રહેલી છે. વિદ્યાર્થીઓને શાળામાં લખાવવામાં આવતા (ધો. ૧૦ અને ધો. ૧૨ કોમર્સ) પ્રેક્ટીસ પેપરોને મહત્ત્વ આપી વાલીઓ સહકાર આપે.

ડિસેમ્બર-૨૦૧૬

**વિજયભાઈ રાવલ**
**આચાર્ય**

### આગામી પરીક્ષાનો કાર્યક્રમ (અંદાજિત)

- તમામ ધોરણની પ્રિલીમ પરીક્ષા — તા. ૩૦-૧-૧૭
- બોર્ડના વિષયોની સૈદ્ધાંતિક પ્રિલીમ પરીક્ષા ધો. ૧૦, ૧૨ — તા. ૧૩-૨-૧૭
- ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ સેમ-૪ની પ્રાયોગિક પરીક્ષા — તા. ૧૮-૨-૧૭
- ધો. ૧૦, ધો. ૧૨ (કોમર્સ)ની બોર્ડની પરીક્ષા — તા. ૧૫-૩-૧૭
- શાળાકીય વાર્ષિક પરીક્ષા — તા. ૧૦-૪-૧૭

### આ અંકમાં


* પ્રસ્તાવના
* પ્રવૃત્તિઓ
  ૧. બાલમંદિર
  ૨. શિશુમંદિર
  ૩. વિનયમંદિર
  ૪. મૉડર્ન સ્કૂલ
* વિદ્યાર્થી કોર્નર
  ૧. કવિતા - અંતરિક્ષયાત્રી
  ૨. અહેવાલ
    - હેલ્થ, હાઈજીન
    - Talent Hunt Exam
    - Maths, Sci. Exhibition
    - Visit to IIMA
* ભૂતપૂર્વ વિદ્યાર્થી વિભાગ
  - કવિતા : શાળા સાદ આપે છે.
  - મારી શાળા
* શારદામંદિર આર્કાઈવ્ઝમાંથી
  - શારદામંદિરમાં ગાંધીજી
* વાલી પ્રતિભાવ (બાલમંદિર)

## પ્રવૃત્તિઓ :

### બાલમંદિર

- તા. ૧૧-૮-૧૬ ગુરુવારે શ્રાવણમાસ નિમિત્તે ભગવાન શિવની પૂજાનું મહત્ત્વ સમજાવી બાળકો પાસે શિવલિંગની પૂજા કરાવી અને બાળકોમાં ધાર્મિક સંસ્કારોનું સિંચન કર્યું.
- તા. ૧૬-૮-૧૬ને મંગળવારે રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી. બાળકો પાસે રાખડી બનાવડાવી, તિલક કરી, રાખડી બાંધી મોં મીઠું કરાવ્યું.



**ગાંધીઆશ્રમ**

- તા. ૨૪-૮-૧૬ને બુધવારે જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી. વરસતા વરસાદમાં પણ બાળકોએ કૃષ્ણજન્મ, મટકી ફોડ, કંસનો દરબાર, નાગદમનમાં સુંદર અભિવ્યક્તિ કરી.
- તા. ૨-૯-૧૬ મહાવીર જન્મવાંચનની ઉજવણી કરવામાં આવી.
- તા. ૩-૯-૧૬ને શનિવારે ગણેશચતુર્થી પર્વની ઉજવણીરૂપે ગણપતિદાદાનું વાજતે ગાજતે સ્થાપન કરવામાં આવ્યું. પૂજા, આરતી કરી પ્રસાદ ખાવાની મજા માણી.



**તા. ૬-૧૦-૧૬ બાલમંદિર નવરાત્રિ ઉત્સવ**

- તા. ૧૦-૯-૧૬ને શનિવારે જલારામ મંદિરની મુલાકાતે બાળકોને લઈ જવામાં આવ્યા. મંદિરમાં ભગવાન શિવ પર જળ ચઢાવી 'ૐ નમઃ શિવાય'ની ધૂન બોલાવી.
- તા. ૬-૧૦-૧૬ને ગુરુવારે નવરાત્રિ પર્વની ઉજવણી કરવામાં આવી. બાળકોએ ખૂબ સુંદર રીતે જુદા જુદા ગરબા રજૂ કર્યા.
- ૨જી ઑક્ટોબર ગાંધીજયંતી નિમિત્તે બાળકોના વ્હાલા ગાંધીબાપુની સાચી ઓળખ આપી. ગાંધીઆશ્રમના સ્થાનિક પ્રવાસે લઈ જવામાં આવ્યા. ત્યાં ગાંધીજીના જીવનચરિત્રની ઝાંખી કરાવી. ચરખો ચલાવવાની મજા માણી.
- દિવાળી પર્વની ઉજવણી રૂપે સફાઈનું મહત્ત્વ સમજાવી. વર્ગ સફાઈ કરાવી. દિવાળી કાર્ડ બનાવી રંગ પૂરવણી કરાવી. ઘરે આવતા મહેમાનનું સ્વાગત કેવી રીતે કરવું એની સમજ પ્રત્યક્ષ પાઠ દ્વારા સમજ આપી રંગોળી, સાથિયા, તોરણ કરાવ્યા.
- તા. ૧૯-૧૧-૧૬ને શનિવારે **દલા તરવાડી** પપેટ નિહાળવાની મજા માણી, રીંગણા ખાતા દલા તરવાડીને નિહાળવાની ખૂબ મજા આવી.
- શિયાળાની શરૂઆત થતા ગુલાબી ઠંડીમાં બાળકોને સમૂહકસરત કરાવવામાં આવે છે. બેન્ડના તાલે નાના ભૂલકાંઓ શારીરિક કસરત કરતા શીખે છે.
- ગડીકામ, કાતરકામ, ચિત્રકામ જેવા ઉદ્યોગ આપી ટી.વી. ના માધ્યમ દ્વારા પંચતંત્રની વાર્તા નિહાળવાની મજા માણી.

### શિશુમંદિર

- **તા. ૫-૭-૧૬ :**

  શિક્ષા સેતુ - 'અધ્યયન અને અધ્યાપન ઉત્કૃષ્ટતા' [સંચાલન : એજ્યુકેશનલ ઇનિશિયેટિવ્સ, પ્રા. લિ. દ્વારા] ટોરન્ટમાંથી ધો. ૩થી ૮ના વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન તા. ૫,૬,૭

  મૂલ્યાંકન : તા. ૫, ૬, ૭

  વિષયો : ગણિત, ગુજરાતી, પર્યાવરણ, અંગ્રેજી, વિજ્ઞાન

- **તા. ૯-૭-૧૬ :**

  ધોરણ ૩, ૪ના વિદ્યાર્થીઓની વાલી મીટિંગ

- **તા. ૧૧-૭-૧૬ :**

  ધો. ૧થી ૪ના વિદ્યાર્થીઓને પ્રોજેક્ટર રૂમમાં લઈ જઈ, બાળગીતો બતાવ્યા. બાળકોને ખૂબ મઝા આવી.

- **તા. ૧૨-૭-૧૬ મહેંદી સ્પર્ધાનું પરિણામ :**
  પ્રથમ : **મકવાણા દિવ્યાબેન ભરતભાઈ** (૮-બ, મેઘનાદ)
  દ્વિતીય : **શેલાર આસ્થા યોગેશભાઈ** (૭-અ, રત્નદીપ)
  **ચૌહાણ મોનાલી રામસિંગ** (૮-બ, મેઘનાદ)
  તૃતીય : **વાઢેળ હર્ષાણી મનહરભાઈ** (૬-બ, ધવલગિરિ)
  **પોરિયા હેત્વી મેહુલકુમાર** (૮-અ, ધવલગિરિ)
- **તા. ૧૯-૭-૧૬ ગુરુપૂર્ણિમા :**
  ભારત વિકાસ પરિષદ તરફથી ગુરુવંદનાનો કાર્યક્રમ - વિદ્યાર્થીઓએ શિક્ષકોને ફૂલ આપી ગુરુવંદના કરી. **શ્રી ગૌરાંગભાઈ** અને **શ્રી શ્રીનાથભાઈ** હાજર રહ્યા. ધો. ૬, ૭, ૮ના વિદ્યાર્થીઓએ એકલવ્ય, કૃષ્ણ-સુદામા સાંદિપની આશ્રમમાં, કૃષ્ણ-અર્જુનના પ્રસંગો ભજવ્યા.
- **તા. ૨૧-૭-૧૬ :**
  સુરક્ષા સેતુ સેલ્ફ-ડિફેન્સ દ્વારા વિદ્યાર્થીઓને આત્મ સુરક્ષાના પ્રયોગો દ્વારા માર્ગદર્શન અપવામાં આવયું.
- **તા. ૨૩-૭-૧૬ :**
  અખિલ હિંદ મહિલા પરિષદ દ્વારા યોજાયેલી તત્કાલ નિબંધ સ્પર્ધામાં ધો. ૫, ૬, ૭ના પાંચ-પાંચ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.
  ધો.૮ માટે પાવન સ્મૃતિ નિબંધ સ્પર્ધા યોજાઈ.
- **તા. ૩૦-૭-૧૬ :**
  શ્રેયસ હેરિટેજ અને ઈન્ટાસ હેરિટેજ સંલગ્ન ક્વીઝમાં ધો. ૭-૮ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો. ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા-૨૦૧૫નું પરિણામ : (૧૦૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.)
  ધો. ૫ **સંસ્કૃતિ અંકુર**
  પ્રથમ : **કાટિયા સાર્થક અશોકભાઈ**
  દ્વિતીય : **ઓઝા નૈશા ભૂષણભાઈ**
  ધો. ૬ **સંસ્કૃતિ પલ્લવ**
  પ્રથમ : **પ્રજાપતિ રિયા હિતેશભાઈ**
  દ્વિતીય : **ડોડિયા અભિજીત પ્રકાશકુમાર**
- **તાલુકા કક્ષાએ પ્રથમ :**
  ધો. ૭ **સંસ્કૃતિ સુવાસ**
  પ્રથમ : **પટેલ ધ્યાની દિપકભાઈ**
  દ્વિતીય : **દુધિયા કુશા મનીશભાઈ**
- **અખિલ હિંદ મહિલા પરિષદ દ્વારા યોજાયેલી તત્કાલ નિબંધ સ્પર્ધા તા. ૨૩-૭-૧૬ના રોજ યોજાઈ. દરેક ધોરણના (ધોરણ ૫, ૬, ૭) પાંચ પાંચ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.**
- **પરિણામ ધોરણ - ૫ :**
  પ્રથમ : **દવે હીર ધવલભાઈ**
  દ્વિતીય : **પટેલ ક્રિશા હિતેશકુમાર**
  તૃતીય : **જોષી જયની પરિક્ષિતભાઈ**
- **ધોરણ - ૭ :**
  તૃતીય : **ડોડિયા અભિજીત પ્રકાશકુમાર**
- **'પાવન સ્મૃતિ' નિબંધ સ્પર્ધા ધોરણ - ૮ :**
  પ્રથમ : **શાહ વાદન હિતેશકુમાર**
- **તા. ૧૨-૮-૧૬ રાખડી સ્પર્ધા :**
  પ્રથમ : **શાહ પરમ રાહુલભાઈ** (૮-બ, ધવલગિરિ)
  દ્વિતીય : **ગજ્જર આસ્થા અમીતભાઈ** (૫-અ, ગંગોત્રી)
  **શાહ ક્રિયા નયસાર** (૭-બ,મેઘનાદ)
  તૃતીય : **શાહ રાહી અલ્કેશભાઈ** (૮-બ, રત્નદીપ)
  **રાજદેવ વૈષ્ણવી અમીષકુમાર** (૭-અ, રત્નદીપ)
  **વોરા ધ્રુવી સુનિલકુમાર** (૮-બ, ગંગોત્રી)

  **તા. ૧૫-૮-૧૬ સ્વાતંત્ર્ય દિન - ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો.**
- **તા. ૧૩-૮-૧૬ રાખડી સ્પર્ધા**

**ધોરણ ૩ :**
પ્રથમ : **પ્રજાપતિ દિલીપ રણછોડભાઈ**
દ્વિતીય : **મેદપરા પ્રિયાંશી વિનોદભાઈ**
**કાવઠિયા જૈની મિતેષ**
તૃતીય : **પટેલ હીર સુધિરભાઈ**
**ગજ્જર રોનક દિપકભાઈ**

**ધોરણ - ૪**
પ્રથમ : **મોરખીયા રત્ન સમિરકુમાર**
દ્વિતીય : **શાહ હર્ષ જીજ્ઞેષભાઈ**
**પટેલ ક્રિપલ મહેશકુમાર**
**ગોકલાણી જશ મનિષભાઈ**
**ચૌહાણ યશ્વી ભાવિનકુમાર**

- **તા. ૨૩-૮-૧૬ પારણા સ્પર્ધા :**
  પ્રથમ : **નાયક કેરુલ હેમાંગ** (૮-અ ધવલગિરિ)
  દ્વિતીય : **રાણપુરા માધવ વિમલ** (૭-બ , ધવલગિરિ)
  **જોષી હેત દિપકકુમાર** (૭-બ, રત્નદીપ)
  **શાહ ક્રિષ્ના મનિષભાઈ** (૮-બ, મેઘનાદ)
  તૃતીય : **ઠક્કર વિશ્વ શ્યામલ** (૮-બ, રત્નદીપ)
  **આર્ય આયુષ તુષારકુમાર** (૭-અ, રત્નદીપ)

**પંચાજીરી સ્પર્ધા :**

**સ્વાદ :**
પ્રથમ : **ભાવસાર મિસરી રાજેશકુમાર** (૬-અ મેઘનાદ)
દ્વિતીય : **શાહ નિસર્ગ પ્રણવભાઈ** (૮-બ, રત્નદીપ)
**કડીયા કિશન જીગ્નેશકુમાર** (૮-બ ધવલગિરિ)
તૃતીય : **રાજદેવ વૈષ્ણવી અભિષકુમાર** (૭-અ રત્નીપ)
**પટેલ દિયા અશોકકુમાર** (૭-અ, મેઘનાદ)

**ડેકોરેશન :**
પ્રથમ : **શાહ નિસર્ગ પ્રણવભાઈ** (૮-બ, રત્નદીપ)

દ્વિતીય : **ચુડાસમા નિખિલેશ કૃષ્ણસિહ** (૮-અ, ગંગોત્રી)
**કડીયા કિશન જીગ્નેશકુમાર** (૮-બ, ધવલગિરિ)

તૃતીય : **રાજદેવ વૈષ્ણવી અભિષકુમાર** (૭-અ, રત્નદીપ)
**ચૌહાણ વિધિ રાહુલકુમાર** (૭-અ, ગંગોત્રી)

- **તા. ૨૪-૮-૧૬ :** જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી. કૃષ્ણ બાળલીલાઓ ભજવવામાં આવી.
- **તા. ૨૮-૮-૧૬ :** કાયસ્થ વ્રજ (૭-અ) મિરઝાપુર ચેસ ક્લબમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી સર્ટીફિકેટ અને શિલ્ડ મેળવ્યા.
- **તા. ૩૦-૮-૧૬ :** ધો. ૫, ૬, ૭, ૮ના વિદ્યાર્થીઓ માટે વૈદિક ગણિત અને એક્યુપ્રેશર વિશે શ્રી પ્રકાશભાઈ રાયપુરાએ સમજ આપી.
- ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ તરફથી શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર અંતર્ગત **વાર્તાલેખન સ્પર્ધામાં શાહ પરમ રાહુલભાઈ** (૮-બ)એ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.
- **પ્રાથમિક વિભાગ :**
અન્ય ૯ વિદ્યાર્થીઓએ ગણનાપાત્ર વાર્તાલેખન માટે સર્ટિફિકેટ અને ઇનામ પ્રાપ્ત કર્યું હતું.

(૧) **લુણાગરીયા કુલદિપ ચંદ્રેશભાઈ** ૮-અ
(૨) **પંચાલ પ્રિથીશ પ્રજ્ઞેશકુમાર** ૮-અ
(૩) **શાહ વાદન હિતેશભાઈ** ૮-અ
(૪) **કાવઠિયા ઝીલ મિતેષભાઈ** ૮-બ
(૫) **પરમાર વિહારિકા મહેન્દ્રભાઈ** ૭-બ
(૬) **રામાણી શ્રેયા રાજેશભાઈ** ૭-બ
(૭) **શાહ કંગના જયેશકુમાર** ૭-અ
(૮) **શાહ વિરતી સૌરભભાઈ** ૬-અ
(૯) **રામી વત્સલ ધવલભાઈ** ૫-અ

- **તા. ૯-૯-૧૬ ગણેશમૂર્તિ :**

પ્રથમ : **રાજદેવ વૈષ્નવી અભિષકુમાર** ૭-બ, રત્નદીપ
દ્વિતીય : **ભાવસાર મિસરી રાજેશકુમાર** ૬-અ, મેઘનાદ
**આર્ય આયુષ તુષારકુમાર** ૭-અ, રત્નદીપ
તૃતીય : **રાજપૂત આકાશ રામકિશન** ૮-અ, ગંગોત્રી
**ગજ્જર આસ્થા અમિતભાઈ** ૫-અ, ગંગોત્રી

- **નંદાવ્રત સાથિયા :**

પ્રથમ : **શાહ વિરતી સૌરભકુમાર** ૬-અ મેઘનાદ
દ્વિતીય : **શાહ પ્રેક્ષા સચિનભાઈ** ૭-અ ધવલગિરિ
**શાહ મોક્ષા હેમાંગકુમાર** ૮-અ રત્નદીપ
તૃતીય : **ઓઝા નૈશા ભૂષણભાઈ** ૬-અ ધવલગિરિ
**પરીખ સિદ્ધિ અલ્પેશભાઈ** ૮-બ રત્નદીપ
**શાહ દેવ પ્રણવકુમાર** ૮-બ ધવલગિરિ

- તા. ૧૭-૯-૧૬ શનિવાર યોગ-પ્રણાયામ વિશે 'નેહલ' સંસ્થા તરફથી શ્રી પ્રીતિબહેન પરમારે માર્ગદર્શન આપ્યું. યોગના આસનો કરાવ્યા.
- **નવનીત ચિત્રસ્પર્ધા વિજેતાના નામ :**

ધોરણ - ૫ **મિસ્ત્રી જેનીલ દિલીપભાઈ**
૬ **કાજીવાલા યુવરાજ બીજલભાઈ**
૭ **શેલાર આસ્થા યોગેશભાઈ**
૮ **દવે જીત નિલેષભાઈ**
૨ **રાણા ક્રિશા નીતિનભાઈ**

- **તા. ૧૭-૧૦-૧૬ આરતી સ્પર્ધા :**

પ્રથમ : **રસાણિયા આયુષી કમલભાઈ** ૮-અ ધવલગિરિ
દ્વિતીય : **રાજદેવ વૈષ્ણવી અભિષકુમાર** ૭-અ રત્નદીપ
તૃતીય : **મિસ્ત્રી જેનીલ દિલિપભાઈ** ૫-અ રત્નદીપ
**ગજ્જર આસ્થા અમિતભાઈ** ૫-અ મેઘનાદ
**કાયસ્થ ક્રિષ્ના જિપેનભાઈ** ૬-અ ગંગોત્રી

- **તોરણ સ્પર્ધા :**

પ્રથમ : **ગજ્જર કૃપાલી અમીતભાઈ** ૮-અ ધવલગિરિ
દ્વિતીય : **વોરા ધ્રુવી સુનીલભાઈ** ૮-બ ગંગોત્રી
**પરીખ સિદ્ધિ અલ્પેશભાઈ** ૮-બ રત્નદીપ
તૃતીય : **ઓઝા નૈશા ભૂષણભાઈ** ૬-અ ધવલગિરિ
**ઝવેરી ફેયા જીજ્ઞેશભાઈ** ૫-અ રત્નદીપ

- **તા. ૨૪-૧૦-૧૬ રંગોળી સ્પર્ધા :**


પ્રથમ : **પોરિયા હેત્વી મેહુલકુમાર** ૮-અ ધવલગિરિ
દ્વિતીય : **ગોહેલ વૃષાલી સૌરિનભાઈ** ૭-બ મેઘનાદ
**પરમાર ડિંકી જગદીશભાઈ** ૭-બ રત્નદીપ
તૃતીય : **મોદી આયુષી સ્નેહલભાઈ** ૮-બ રત્નદીપ
**શાહ ક્રિયા નયસાર** ૭-બ મેઘનાદ

- **દિવાળી કાર્ડ :**

પ્રથમ : **વોરા ધ્રુવી સુનિલભાઈ** ૮-બ ગંગોત્રી
દ્વિતીય : **કાજીવાલા યુવરાજ બ્રિજલકુમાર** ૬-અ ધવલગિરિ
તૃતીય : **પંચાલ પ્રિથીશ પ્રજ્ઞેશકુમાર** ૮-અ રત્નદીપ
**નાયક કેરુલ હેમાંગ** ૮-અ ધવલગિરિ

# વિનયમંદિર

**જૂન - ૨૦૧૬ :** અંધશાળા, વસ્ત્રાપુર, અમદાવાદના અંધ વિદ્યાર્થીઓને પરીક્ષા સમયે શાળાના વિદ્યાર્થીઓએ તેમના રાઈટર તરીકે સેવા આપેલ.



E-mail : bpaschool@yahoo.com
blinbad1@bsnl.in
Website : www.bpaindia.org

Telephone : +91-79-26305383, 26304070
Fax : +91-79-6300106

**SECONDARY / HIGHER SECONDARY SCHOOL FORTHE BLIND**
Jagdish Patel Chowk, 132 ft. Ring Road, Vastrapur, Ahmedabad-380 015.

**INDEX No. : S.S.C. 50 : 180**
**H.S.S.B. 01 : 036**

S.R./G. R. No. :________ તા. Date : ૨૨.૦૬.૧૬

પ્રતિ,
શ્રી [illegible] ત્રિવેદી.
[illegible]
[illegible]

માનનીય સાહેબશ્રી,

જય ભારત સહ સવિનય જણાવવાનું કે, આપના સાથ અને સહકારથી દર વર્ષે અમારી શાળાની પરીક્ષા વખતે આપના ત્યાંથી અંધવિદ્યાર્થીઓ માટે લહિયાની સેવા પૂરી પાડવામાં આવે છે. તે બદલ શાળા તથા અંધજન મંડળના સંચાલક સભ્યો આપના ઋણી છે.

આ વખતે પણ આપની શાળા દ્વારા જે લહિયા પુરા પાડવામાં આવ્યા હતા તે બદલ ફરી એકવાર આપનો તથા લહિયાના વાલી મિત્રોનો હૃદય પૂર્વક આભાર માનીએ છીએ.

સાથ સહકારની અપેક્ષા સહ

આભાર સહ.

(એમ. આર. ચૌધરી)
**Principal** આચાર્ય
Secondary & Higher Secondary
School For Blind
Vastrapur, Ahmedabad-380 015

**૧૪ ઓગસ્ટ :** ભારત વિકાસ પરિષદ, પાલડી, અમદાવાદ આયોજિત રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધા-૨૦૧૬માં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે.



**૧૫ ઓગસ્ટ :** 'નવનીત' દ્વારા આયોજિત ''નવનીત ચિત્ર હરિફાઈ''માં નીચેના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને વિજેતા જાહેર થયા હતા અને ઇનામો મેળવેલ.

**ગુજરાતી માધ્યમ :**

| ધોરણ | વિદ્યાર્થીનું નામ |
|---|---|
| ૨-અ | રાણા ક્રિષા નીતીનભાઈ |
| ૫-અ | મિસ્ત્રી જૈનિલ દીલીપભાઈ |
| ૬-અ | કાજીવાલા યુવરાજ બીજલભાઈ |
| ૮-બ | દવે જીત નિલેશભાઈ |
| ૭-અ | શેલાર આસ્થા યોગેશભાઈ |

**અંગ્રેજી માધ્યમ :**

| ધોરણ | વિદ્યાર્થીનું નામ |
|---|---|
| ૪ | નાગર ઈશા યોગેશભાઈ |
| ૫ | રાવલ રીશીત આશિષભાઈ |
| ૬ | વોરા કાવ્યા રોમેશભાઈ |
| ૭ | બારોટ નિહાર પ્રદીપભાઈ |

સ્વાતંત્ર્યદિન નિમિત્તે શાળાના પટાંગણમાં ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શાળાના પ્રાથમિક વિભાગના આચાર્યા શ્રી મિતાબહેન શાહના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શાળાના બાળકોએ વૃક્ષારોપણ કર્યું હતું.

- **તા. ૨૦-૮-૧૬ : SEBI દ્વારા માર્ગદર્શન...**

ભારત સરકાર દ્વારા આયોજિત કાર્યક્રમમાં ધોરણ ૧૧-૧૨ કોમર્સના વિદ્યાર્થીઓને ઇન્વેસ્ટમેન્ટ અંગે માર્ગદર્શન આપવા શ્રીમતી પલક લોટીયા હાજર રહ્યા હતા અને બે કલાક બાળકો સાથે વાતચીત કરી માર્ગદર્શન આપ્યું હતું.

- **તા. ૨૨-૮-૧૬ : એનીમેશન એન્ડ ડીઝાઈનીંગ...**

શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી મનન ત્રિવેદી જેઓ આ અંગેની ઇન્સ્ટિટ્યૂટ ચલાવે છે. તેમણે કેરીયર ગાઈડન્સના માર્ગદર્શનરૂપે વર્તમાન યુગમાં એનીમેશન કેવી રીતે થાય છે તે અંગેની જાણકારી ધો. ૧૦, ૧૧, ૧૨ના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ મેળવી હતી.



- **તા. ૧૦-૯-૧૬ : ''સંવાદ સેતુ''**

ધોરણ ૯ના બાળકોને કેરીયર ગાઇડન્સ માટે આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું જેમાં બાળકો તેનો રસ અને રૂચિ હોય તે અનુસાર ફીલ્ડની પસંદગી કરવા અંગેનું જરૂરી માર્ગદર્શન શ્રી ત્રિવેદી સાહેબ (આચાર્ય શેઠ સી.એન. વિદ્યાલય તથા શ્રી જાહીદ મનસુરી (આચાર્ય, એફ.ડી. હાઇસ્કૂલ) દ્વારા આપવામાં આવ્યું હતું. આ નવતર પ્રયોગમાં શાળાના બાળકોની જિજ્ઞાસાવૃત્તિ ઉજાગર થઈ હતી અને ભવિષ્યમાં કઈ લાઇન લેવી તે જાણ્યું.

શ્રી મન્સુરી તથા શ્રી હિતેન્દ્રભાઈ ત્રિવેદીનો આભાર માનવામાં આવ્યો હતો.

- **તા. ૧૫-૧૬ સપ્ટેમ્બર : શૈક્ષણિક પ્રવાસ :**

ઈસરો અને સાયન્સ સીટીની મુલાકાત...

શાળાના ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમના બાળકોનો ઈસરો અને સાયન્સ સીટીની મુલાકાતનો એક પ્રવાસ યોજવામાં આવ્યો હતો. ઈસરોમાં સાયન્સ વિષેની ડોક્યુમેન્ટરી બતાવવામાં આવી હતી. ત્યારબાદ સાયન્સ સીટીમાં પ્લેનેટ સર્ચ, હોલ ઑફ સાયન્સ, ઊર્જા સંચાલિત સાધનો થ્રીલ રાઇડરની મુલાકાત લઈ સાયન્સની દુનિયામાં પહોંચ્યાનો અહેસાસ કર્યો હતો.

- **તા. ૫-૧૦-૧૬ :**

શિક્ષણખાતા દ્વારા આયોજિત ગણિત-વિજ્ઞાન મેળામાં શાળાના ગુજરાતી તથા અંગેજી માધ્યમના બાળકોએ શાળાના શિક્ષકોના સહયોગથી બનાવેલ ૪ પ્રોજેક્ટ વિજ્ઞાનમેળામાં મૂકવામાં આવ્યા હતા.

બાળકોએ ઉત્સાહભેર બનાવેલ આ પ્રોજેક્ટ બદલ અભિનંદન.

- **તા. ૧૫-૧૦-૧૬ :**

''ઇન્ટરનેશનલ સોસાયટી ફોર રીસર્ચ એન્ડ સીવીલાઇઝેશન ડીસીસ એન્ડ એન્વાયરમેન્ટ'' દ્વારા આયોજિત ''પાણી બચાવો'' નિબંધ સ્પર્ધાની હરિફાઈમાં શાળાની નીચેની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધેલ અને તેમના નામ સામે જણાવેલ સ્થાન પ્રાપ્ત કરેલ.

(૧) **ગાડે જુહી મુકુંદભાઈ** (ધો. ૧૦) દ્વિતીય સ્થાન

(૨) **પટેલ હેત્વી હિતેશભાઈ** (ધો. ૧૦) દ્વિતીય સ્થાન

બંને વિદ્યાર્થિનીઓને શાળા તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

- **મા-બાપના સંસ્કાર...**

તા. ૧૬-૧૦-૧૬ના રોજ સવારે શાળાના પ.પૂ. આચાર્ય હેમચંદ્રસૂરિજી મહારાજસાહેબના શિષ્ય મુનિ અનંત પૂન્ય મહારાજ સાહેબ અચાનક શાળામાં આવ્યા હતા અને બાળકોને સંસ્કાર વિશે અમૂલ્ય જ્ઞાન આપ્યું હતું. તેઓશ્રી આ બાબતે શહેરની ઘણી બધી શાળાઓમાં મુલાકાત લઈ સમાજ સેવાનું કાર્ય કરે છે.

- **ક્રિકેટ - શાળાનો વિજય :**

અંડર-૧૯માં શેઠ સી.એન. વિદ્યાલય સામે ૭ વિકેટે આપણી શાળાનો વિજય થયો હતો. મોટેરા સ્ટેડીયમ ખાતે રમાયેલ આ મેચમાં શાળા તરફથી રમતો **યુવરાજ ઝાલા**એ ચાર વિકેટ અને **પ્રીત પટેલ** તથા **રોહન મીસ્ત્રી**એ અહીં સારી શરૂઆત આપી ૩૫ રન કર્યા હતા તથા ભાવિક વાઘેલાએ ત્રણ વિકેટ લીધી હતી.





**બાલમંદિર નવરાત્રી ઉત્સવ**


# ACTIVITIES

## Shardamandir Modern School Celebrations

**Date :**

❖**13-8-16 Independence day :**

The Independence day was celebrated by all the Students of Modern School by singing patriotic songs and performing group dance by the tiny tots of pre-primary Students. We can instill the feeling of love and respect for the nation in our student's heart by making them sing Patriotic Songs.



❖**24-8-16 Janmashtmi :**

Janmashtmi, the birthday of Lord Krishna was celebrated with great devotion and enthusiasm in our school. On that day students performed Ras-Garba and dance. They also sang songs and played drama. Parents worked hard for their get up and also remained present on that day.

❖**1-10-16 Navratri :**

During Navratri we performed a new song and stuti related to Navratri each day. We have distributed Navratri related posters which were to be decorated by the student by using different materials. All did their job well. All the posters were stuck in classroom corridor and also at prayer hall.

❖**25-10-16 Diwali :**

A Special Assembly was held for the Diwali celebration. During this Programme the importance of each day of Diwali was explained by the students using a play. They also explained about the care which should be taken while f ring crackers.

## COMPETITION

❖**27-8-16 Rakhi making Competition :**

A Rakhi making competition was held for all students of Std-3 and Std-4. They made colourful rakhis which got appreciation of teachers.

❖**3-10-16 Handwriting Competition :**

‘ **'Handwriting Enables Civilization"** Handwriting is a very important academic skill part of our life. This loss of this skill is like the loss of language. We held hand writing competition for all students of Std. 1 to 4. In this competition all participated with full concentration.

❖**7-10-16 Diya Decoration Competition :**

''तमसो मा ज्योतिर्गमय ॥

A Diya decoration competition was arranged for all students of Std-3 and Std-4. Students used colour, brush, stone, thread, gum etc. almost all the students worked with accuracy.

**7-10-16 (Aarti) Thali Decoration Competition :**

Performing Aarti is an important part of any pooja or festival. A decorated Aarti thali looks very beautiful and is a way of expressing our devotion and love for the almighty. Aarti thalis were decorated beautifully by our school Students.

| | | | |
|---|---|---|---|
| First | : | **Balat Maitri Umeshbhai** | (Std. 8 Parijat) |
| Second | : | **Vyas Yuvraj Gaurangbhai** | (Std. 9 Palash) |
| | | **Achary Jalashree Zankrutbhai** | (Std. 9 Kadam) |
| | | **Sukhadia Zeal Chetanbhai** | (Std. 8 Kadam) |
| Third | : | **Parmar Honey Uditbhai** | (Std. 8 Palash) |
| | | **Kharate Shruti Sanjeev** | (Std. 9 Palash) |
| | | **Thakore Veli Parjanyabhai** | (Std. 6 Amaltas) |

**25-10-16 Rangoli Competition :**

Rangoli, which means a row of colours or layers of colours. The Purpose of rangoli is decoration and thought it to bring good luck. The Inter house Rangoli Competition was conducted at school. All students put their artistic, imaginative and creative skill to make bright and beautiful rangoli's winners were.

| | | | |
|---|---|---|---|
| First | : | **Vyas Yuvraj Gaurangbhai** | (Std. 9 Palash) |
| | | **Soanara Harsh Deepakkumar** | (Std. 9 Palash) |
| Second | : | **Nagar Himanshi Yogeshbhai** | (Std. 9 Palash) |
| | | **Vyas Yashvi Udaykumar** | (Std. 9 Palash) |
| Third | : | **Balat Maitri Umeshbhai** | (Std. 8 Parijat) |
| | | **Solanki Kriyanshi Sanjaybhai** | (Std. 9 Parijat) |
| | | **Rathod Namrata Kanaiyalal** | (Std. 8 Parijat) |
| | | **Shah Nishra Dipakbhai** | (Std. 8 Parijat) |

**Activities :**

Rotary Club of Ahmedabad had organised 9th inter elocution competition on 27-8-2016 at Bhaikaka Bhavan.

Five Students of Modern School participated with different Subject in this competition. They performed very well.

## વાલી-પ્રતિભાવ....

### જીયા વિનોદકુમાર મકવાણા (બાલમંદિર)

શારદામંદિર સ્કૂલમાં શિક્ષણ, પ્રેક્ટીકલ, થીયરી અને એવી ઘણી બધી પ્રવૃત્તિઓ કરાવે છે. તેનો છોકરાઓને પણ આ બધી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે શિખવે છે અને તેમની સ્કૂલના ટીચરો. આચાર્ય પણ બહુ જ સરસ છે. તેઓ ભણવા સિવાય પણ ઘરની અથવા અનાજ, કઠોળ વગેરે જેવી જીવન જરૂરિયાતની વસ્તુઓમાં પણ સારી સમજ આપે છે. તેમજ છોકરાઓને સારો સાથ સહકાર ટીચરો આપે છે. તેમજ તેમના ઘણા બધા ટીચરો તેમના છોકરાની જેમ જ રાખે છે. તેટલે છોકરાઓને પણ ભણવાની મજા આવે છે. શારદામંદિર સ્કૂલની ભણાવવાની પદ્ધતિ અને પ્રવૃત્તિઓ પણ બહુ જ સરસ છે.

શારદામંદિર સ્કૂલ છોકરાંઓને ભણવા માટે બહુ જ સરસ સ્કૂલ છે

# વિદ્યાર્થી કોર્નર

## Visit to IIM-A

Complied by

**Ashish Dalal and Rakesh Kapoor**

Our school is well known for carrying out various cultural activities which includes celebration of national and religious festivals.

Part of that with the effort of Mr. Vijay Raval and guidance of respected Principal Payalben our school students were invited to Open House by IIMA on 20th November (Sunday) 2016.

About 40 students belonging to 9th, 10th & 11th std (Commerce) led Mr. Ashish Dalal & Mr. Rakesh Kapoor visited the esteem Institution of our City. Teachers and Students reached there at 9-30 a.m. & after Completion of registration formality students were taken for a game of communication team-work and leadership. They had to draw Seven different elements on a chartpaper in a limited time. Teachers had an Interaction session with dean of IIMA Shree Rakesh Basant. In which ideas were exchanged about various activities related to education.

At 10-30 a.m. an hour long campus walk was taken where different departments and architectural beauty of campus was highlighted. After snacks break open house session took place the auditorium where more than 200 students from different schools has assemble. IIM-A has about 45 Clubs managed by their students which cover different hobbies & Interest including movies dramatics & environment.

The Session ended at about 1-30 p.m. All the students and teachers had a great learning experience. We are thankful to the School Management for arranging such educational tour.

## Maths - Science Exhibition

Maths - Science Exhibition at SVS level Ahmedabad City, 2016-17 for Secondary and Higher Secondary was organised at Shree Sahjanand School on 5th October, 2016. The students of Std. 9, 10 and 11 of Sharda Mandir Modern School participated in that exhibition.

The students of various schools prepared and exhibited differen types of projects / Models in the exhibition. All projects were distributed in four groups, namely :

(1) Transport and Communication
(2) Agriculture and Irrigation
(3) Innovation in Renewable Energy.
(4) Mathemetical models.

The students of our school performed very well by exhibiting the projects as under, which received good apprehension and cetif cates.

| Std. | Name of Project | Name of Students |
|---|---|---|
| 9E | Hydraulic Crane | **Vyas Yuvraj Gaurangbhai**<br>**Bhatt Dirgh Paragbhai** |
| 10E | Water Purif cation | **Shah Pratik Gaurangbhai**<br>**Shah Virag Nipunbhai** |
| 11. Sc. | Solar Water Purif cation | **Shah Rajvi Sanjaybhai**<br>**Shah Dhanvi Chetanbhai** |
| 11. Com. | Hydraullic Bridge | **Patel Prerak Manishbhai**<br>**Gohil Dhravrajsinh R.** |

The projects were guided by the teachers of our school,

**Mr. Harendra A. Soni** and **Mr. Ashish R. Dalal**

Congratulation to

**Vyas Yashvi Udaykumar (Std. 9E)**

for Winning Prize in Khelmahakumbh Running Competition.



ખેલ મહાકુંભ રોલર સ્કેટીંગ સ્પર્ધામાં સતત બીજા વર્ષે રાજ્ય કક્ષાએ પ્રથમ આવવા બદલ અભિનંદન



**ખંજન નિરવસિંહ હાડા (ધો. ૮)**

ગુજરાત સ્ટેટ ક્રિકેટ ટીમમાં U-16માં સિલેક્ટ થવા બદલ અભિનંદન



**યુવરાજસિંહ દિલીપસિંહ ઝાલા (ધો. ૧૧ કોમર્સ)**



**ધ્વજવંદન તા. ૧૫-૮-૧૬**

અહેવાલ : **સ્વાતંત્ર્ય દિને શાળામાં ધ્વજવંદન** (મારા જીવનનો અવિસ્મરણીય પ્રસંગ)

**| મીતા શાહ**

શારદામંદિર શિશુ મંદિરમાં હું છેલ્લા ૨૪ વર્ષથી કાર્યરત છું અને ૧૨ વર્ષથી આચાર્યા તરીકેની કામગીરી બજાવું છું. આ સમય દરમ્યાન ઘણા યાદગાર પ્રસંગો બન્યા. શારદા મંદિર મારા માટે ઘરનો પર્યાય બની ગઈ અને તન-મન-ધનથી હું શાળા સાથે જોડાઈ ગઈ. શારદામંદિર મારા માટે મંદિર સમાન છે.

બાળપણથી જ ધ્વજવંદનના કાર્યક્રમમાં ભાગ લેતા થતું કે ધ્વજ ફરકાવનાર કેટલા સદનસીબદાર છે ! તેમને રાષ્ટ્રધ્વજને સ્પર્શવાનો- ફરકાવવાનો મોકો મળ્યો છે. મારું એક સ્વપ્ન પણ હતું કે હું શિક્ષિકા બનું તથા એક દિવસ મને પણ ધ્વજ ફરકાવવાનો મોકો મળે. મારું તે સ્વપ્ન સાર્થક થયું છે. જ્યારે શ્રી વિજયભાઈ સાહેબે મને ધ્વજવંદન ફરકાવવાનું સૂચન કર્યું ત્યારે હું રોમાંચિત બની ગઈ.

દેશભક્તિની ભાવનાથી આત્મ સમ્માન સાથે તા. ૧૫મી ઓગસ્ટે શાળામાં જ્યારે મેં ધ્વજ ફરકાવ્યો ત્યારે મારી આંખમાં હર્ષના અશ્રુ આવી ગયા. દેશના લાખો શહીદોને કોટિ કોટિ વંદન. પવિત્ર ધ્વજના સ્પર્શથી હૃદય પવિત્ર બની ગયું, ઝણઝણી ઊઠ્યું. તે માટે મેં ધન્યતા અનુભવી તે મારું સદ્ભાગ્ય છે.

આ પ્રસંગ માટે હું શાળાનો, માનનીય ટ્રસ્ટીગણ અને માનનીય શ્રી વિજયભાઈની હૃદયપૂર્વક આભારી છું મારી શાળાકીય સેવાના ૨૪ વર્ષને એક દિવસના સન્માનમાં સાર્થકતા અનુભવું છું.

**અહેવાલ :**

## હેલ્થ એન્ડ હાઈજીન અવેરનેસ પ્રોગ્રામ

ધોરણ ૬, ૭ની વિદ્યાર્થીઓને માસિક સમયની સુઘડતા અને સ્વચ્છતા માટે કંપની તરફથી માર્ગદર્શન આપવામાં આવ્યું. વિદ્યાર્થીનીઓની સાથે તેમની માતાઓને પણ સામેલ કરવામાં આવી હતી.

કિશોરાવસ્થામાં પ્રવેશતા થતા શારીરિક અને ભાવનાત્મક પરિવર્તન થાય છે તે માટે બહેનો અને તેમની માતાઓ સકારાત્મકતાથી તેનો સ્વીકાર કરે, તેમને સ્વસ્થ અને આત્મવિશ્વાસી બનાવે તે માટે સમજ આપવામાં આવી.

વિદ્યાર્થીનીઓ અને તેમની માતાઓએ રસપૂર્વક માર્ગદર્શન મેળવ્યું. માતાઓએ વેસ્પર કંપની અને શાળાનો તે માટે ખૂબ ખૂબ આભાર માન્યો.

શાળાકીય શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે જીવનઉપયોગી પ્રવૃત્તિઓ માટે માતાઓએ આભાર વ્યક્ત કર્યો.

**કવિતા**

**હું બનીશ અંતરિક્ષ યાત્રી**

મારું એ સપનું કે હું;
બનીશ અંતરિક્ષ યાત્રી (૨)

મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ પર જઈશ એક દિવસ (૨)
અને મારા ભારત દેશનું નામ હું રોશન કરીશ. મારું એ...

હું જઈશ ઈસરો અને નાસામાં (૨)
હું જઈશ એક વાર અંતરિક્ષમાં મારું એ...

હવે હું નીકળું છું અંતરિક્ષના પ્રવાસે (૨)
ત્યાં જઈને હું જોઈશ મારું સપનું. મારું એ...

રોકેટમાં બેસીને જઈશ હું અંતરિક્ષમાં (૨)
ચંદ્ર પર જઈને બનાવીશ મારો રેકોર્ડ
મારું એ સપનું કે હું;

બનીશ અંતરિક્ષયાત્રી (૨)

બોલો, હવે તમારું શું છે સપનું ? મારું એ...

**સુતરીયા આર્યન મેહુલભાઈ**

ધો. ૭ અ, શારદા મંદિર, અમદાવાદ

## મારી શાળા...

**પૂજ્ય આચાર્યાશ્રી, શિક્ષણગણ-વાલીગણ તથા વ્હાલા બાળમિત્રો...**



આજે આપણી શાળાનો ૯૩મો સ્થાપનાદિન છે. ૧૯૨૪ની સાલમાં શ્રાવણસુદ સાતમને દિવસે શારદામંદિરની સ્થાપના થઈ હતી. શ્રી વજુભાઈ દવેના યોગ્ય માર્ગદર્શન હેઠળ આ સ્કૂલ દિવસે દિવસે પ્રગતિનાં સોપાન સર કરતી ગઈ. શ્રી વજુભાઈએ આ સ્કૂલનું સુકાન ખૂબ જ સરસ રીતે સંભાળ્યું. એ પછી શ્રી દિનુભાઈ દવેના હાથમાં સ્કૂલનું સુકાન આવ્યું. ઉત્તરોત્તર આપણી શાળા પ્રગતિ કરતી ગઈ, તે હજુ સુધી એ આગળ વધતી ગઈ છે...

આજે આ નાના બાળકો જ્યાં બેઠા છે... ત્યાં ક્યારેક હું ૨૦ વર્ષ પહેલા મારા માતા-પિતા સાથે બેઠી હતી. આ મારી Journey અત્યારે અહીં હું આવી ત્યારે વિચારી રહી હતી... આ જ આંગણામાં રમતાં - રમતાં, પડતા - ઊઠતા - લડતા મોટા થયા... અનુભવી શિક્ષકોનું સતત માર્ગદર્શન અને તેમની કેળવણી એ બધું કેવી રીતે ભૂલાય ! માતા-પિતા પછી ગુરુ જ આપણને સાચું માર્ગદર્શન આપે છે... આપણા જીવનના ઘડતરમાં તેમનો અમૂલ્ય ફાળો છે. મારા જીવનમાં મારી શાળાના શિક્ષકોએ ખૂબ જ અગત્યનો ભાગ ભજવ્યો છે... અમે એક કોલસો હતા... પણ શિક્ષકોએ તેને ઘસી ઘસીને આજે અમને અમૂલ્ય હીરો બનાવી દીધા... તેમનો ઉપકાર કેવી રીતે ભૂલાય... તેમનું ઋણ ક્યારેય ન ચૂકવાય...

શ્રી વજુભાઈ દવે માટે શું કહેવું ! હું છઠ્ઠા ધોરણમાં હતી. અચાનક બધાને પ્રાર્થના મંદિરમાં બોલાવવામાં આવ્યા... અમને બધાને આશ્ચર્ય થયું કે બપોરે ૧-૦૦ વાગે અમને શું કામ બોલાવવામાં આવ્યા ! વાત એમ બની હતી કે દસમા ધોરણના એક વાલીએ શ્રી વજુભાઈને ફોન કર્યો હતો અને કહ્યું હતું કે અમારો છોકરો રાત્રે વાંચવા માટે ગોળી લે છે... આવું કેમ બને ! આ સવાલથી શ્રી વજુભાઈના મનમાં વિચાર આવ્યો કે ક્યાંક મારા ઘડતરમાં કંઈક કમી છે... મારી શિક્ષણ પદ્ધતિમાં કંઈક ખોટ છે... તેથી શ્રી વજુભાઈએ નિર્ણય લીધો કે મારા છોકરાઓને પરીક્ષાનો આટલો બધો "હાઉ ! આટલો બધો ડર ! તો પરીક્ષા જ નથી લેવી." તમારે કોઈએ પરીક્ષા આપવાની નથી. આ વાક્યથી અમે બધા રાજીના રેડ થઈ ગયા... તાળીઓના ગડગડાટથી એમને વધાવી લીધા... અમારી પરીક્ષા કેન્સલ થઈ પણ પદ્ધતિ બદલી કાઢી. અચાનક જ આવી અમારા વર્ગશિક્ષકે પાંચ પ્રશ્નો લખ્યા અને જવાબ અમે આપ્યા... એ જ અમારી પરીક્ષા ... અને અમે સાતમાં ધોરણમાં આવી ગયા... શ્રી વજુભાઈ દવે દરેક વિદ્યાર્થીનાં જીવનમાં આવી અસર મૂકતા ગયા છે.

જીવનમાં અનેક મુશ્કેલીઓ આવે પણ તેમનો સામનો કરવાની તાકાત અમને આ સ્કૂલ તરફથી મળી છે. જિંદગીમાં ક્યારેય સત્યનો સાથ નહીં છોડવાનો પાઠ અમને આ સ્કૂલમાં નાનપણથી શીખવવામાં આવ્યો છે. વડીલોને આદરપ્રેમથી બોલાવતા... કરુણા ને દયા આ બધું જ અમને અમારા શિક્ષકોએ ખૂબ જ પ્રેમથી સમજાવ્યું. અને ખરેખર એ બધું જ અમે જિંદગીમાં અનુસર્યું... આજે અમે બીજું ભલે કંઈ ના બની શક્યા પણ એક સાચા પ્રામાણિક માનવ તો ચોક્કસ બની શક્યા... સ્કૂલના શિક્ષકો માટે જેટલું કહીએ તેટલું ઓછું છે... આજે એ બધાને અંતઃકરણપૂર્વક હૃદયથી વંદન કરું છું...

છેલ્લે મારા બાળમિત્રોને એક વાત કહેવા માગું છું... આપણને હંમેશાં મારું એ સારું બોલીએ બરોબર ! પણ એમાં આપણે જરાક ફેરફાર કરીએ... 'મારું એ સારું' કરતાં 'સારું એ મારું'... બનાવીએ.

મને આ પ્રસંગે આમંત્રતિ કરવા બદલ અંતઃકરણપૂર્વક આપ સૌનો આભાર માનું છું. આપની વચ્ચે અને આપની સમક્ષ આવવાની તક બદલ ગુરુજનોનો આભાર માનું છું... જેવી રીતે સ્કૂલનાં દરવાજા અમારા માટે કાયમ ખુલ્લા હોય છે... જેટલો હક્ક દીકરી પોતાના પિયર પર કરે છે તેટલો જ હક્ક ને અધિકાર અમારી શાળાનો અમારા ઉપર છે તેની હું મારા તરફથી ખાતરી આપું છું... આપની સેવા માટે હંમેશાં તત્પર રહીશું...

આભાર...

**ચેતના શાહ દોશી** (૧૯૯૬)

**તા. ૯-૮-૧૬**

### Khelmahakumbh Experience

Hello Friends ! Today, I **Yashvi Vyas** from Sharda Mandir Modern School. (Std. 9) want, to share my running experience, I participated in 1500 & 800 m running Khelmahakumbh on 7th of November respectively. My reporting time was 7-30 and my event started at 12 o'clock. I stood 1st in 1500m & 2nd in 800 m. running competition at both (zonal & school) level. But 1 month practice didn't lead me to state level. At district level I was defeated by 2 to 3 years experienced competitors. I would get about 1500 & 900 Rs. as sports scholarship.

**Vyas Yashvi Udaykumar**
Sharda Mandir Modern High School,
Std. 9th - E

## કવિતા

શાળા સાદ આપે છે...
ટાંકીના ખોબે ખોબે પીધેલ પાણીને ભાનુબેનની મીઠી મીઠી વાણી કેમ ભૂલાય
એલ્યુમિનિયમની પેટી હતી હાથમાં પલળેલા છે સૌ કોઈ વરસાદમાં
કેસરીજી વગાડે વાયોલિન કરતા સૌને તેઓ તલ્લીન યાદ છે ને ॥

દીવાલ કૂદી ખાતા દાળના વડા બનાવી રમતા કાગળના દડા
ઉત્તરાણમાં દોરીથી ઘીસરકા લડાવતા શિક્ષક દિને વર્ગ સૌ કોઈ સજાવતા યાદ છે ને ॥

દયાશંકરના સમાચાર પઠન સૌનું કરતા એ તો જતન
પાર્થનાસભાની સમૂહ પ્રાર્થના ''હે ઈશ્વર ભજીએ તને'' કેમ ભૂલાય
પ્રાતઃસભાનો લીમડો કેરો રસ સવારેસવારે ના લાગત સરસ
સ્થાપનાદિનની મોટી ઉજવણી ને મિત્રોની કરતા સૌ પજવણી યાદ છે ને ॥

જુના શારદામંદિરવાળાને બુદ્ધિ વહેલો બોલાવતો અને એટલે તો ક્યારેય એ નહતો સહેવાતો
ખેતીમાં ઉગાડતા શાકભાજી અરે હા યાદો તાજી થઈ ગઈ તાજી
આવે પેલો બાલરથી અને ભીની માટીની આવે સુગંધ રે... યાદ છે ને ॥

રોજ જોતા સૌ માલગાડી ગમતી આંબોળિયાની લારી કેમ ભૂલાય
મોટી રીસેસ પછી નાની રીસેસ એથીના અમારે કાંઈ ના વિશેષ
પેલા આંબલીના ખાટાખાટા કાતરા અને આંખો આંખોના કાતરીયા કેમ ભૂલાય ?

**મગિયાવાલા કૌશલ** (વર્ષ ૧૯૮૮)

---

**આર્કાઇવ્ઝ**

## શારદામંદિરમાં ગાંધીજી

તા. ૨૯-૭-૧૯૩૩ના રોજ શારદામંદિરની સ્થાપનાનો દિન હોવાથી બપોરના બાર વાગ્યે મહાત્મા ગાંધીજી શારદામંદિરના બાળકોને આશીર્વાદ આપવા પધાર્યા હતા. પ્રથમ પૂજ્ય ગાંધીજીએ શારદામંદિર - બાળમંદિરના અઢીથી સાત વર્ષની ઉંમરના બાળકળાના નમુના ઘણી પ્રસન્નતા સાથે જોયા હતા. ત્યારબાદ પૂજ્ય ગાંધીજીએ આસન લીધા બાદ સંસ્થાના બાળકોની પ્રાર્થના થઈ હતી તે પછી પૂજ્ય ગાંધીજીએ આશીર્વાદ આપતાં નીચે પ્રમાણે કહ્યું હતું, ''જો કે હું વિનોદ કરી શકું છું પણ અત્યારે મારી પાસે તેનો વખત નથી. અત્યારે મારો વખત પારકો છે, એટલે વધારે વખત ગાળું તો ચોરી કહેવાય. અત્યારે હું બીજાનો વખત ચોરીને આવ્યો છું. તમને ખબર નથી કે હું કોનો વખત ચોરીને આવ્યો છું. મોટી બાળાઓમાંથી કોઈ મને કહી શકશે કે હું કોનો વખત ચોરીને આવ્યો છું ?'' (કોઈએ જવાબ ન આપ્યો એટલે) ''હારી ગયાં ને'' એવો વિનોદ કર્યો હતો. બાદ આગળ બોલતાં ગાંધીજીએ કહ્યું હતું કે શારદામંદિર અને તેનાં બાળકોને હું આશીર્વાદ આપું છું કે તમે સંસ્થાને શોભાવજો અને તેમ કરી તમે પણ શોભજો. પણ તે કેવી રીતે શોભાવી શકાય ? તેની તમને ખબર છે ? ''દેશની સેવા સાચે માર્ગે કરીને '' શ્રી સવિતાબહેન ત્રિવેદીએ બાપુજીને બાળકો અને શિક્ષકો તરફથી હરિજન સેવા માટે રૂ. એકસો એક ભેટ આપીને સુતરનો હાર પહેરાવ્યો હતો.

— ગુજરાત સમાચાર, તા. ૩૦-૭-૧૯૩૩

પ્રકાશક : **શારદામંદિર ટ્રસ્ટ**, નવા શારદામંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન : +91-79-26600242, ઈમેઈલ : shardamandir1924@gmail.com
વેબસાઇટ : www.sharadamandir.com
'શારદ'નો આ (રંગીન) અંક શાળાની વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.

તા. ૧૫-૮-૧૬ના
રોજ શાળાના
પટાંગણમાં
ધ્વજવંદન
પ્રાથમિક વિભાગના
આચાર્યા
શ્રી મિતાબહેન શાહ
દ્વારા કરવામાં
આવ્યું.





વૃક્ષારોપણ



હેલ્થ અવેરનેસ



એનીમેશન એન્ડ ડીઝાઇનીંગ



ધ્વજવંદન



તા. ૧૫-૮-૧૬ના
રોજ શાળામાં
વૃક્ષારોપણ



અંધજન
વિદ્યાર્થીમંડળના
વિદ્યાર્થીઓ સાથે
શાળાના રાઇટર
વિદ્યાર્થીઓ

પ્રકાશક
શારદામંદિર
નવા શારદામંદિર રોડ
અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન :+91-79-26600242
shardamandir1924@gmail.com
www.sharadamandir.com